## જન્મદિને વધામણી



હાર્દિક મનુભાઈ દરજી (સહજાનંદ સોસાયટી) બાયડ, જિ.અરવલ્લી



ઈશ્વરભાઈ પટેલ (નિવૃત્ત તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી) મોડાસા, જિ.અરવલ્લી




પ્રિયંક મુકુંદભાઈ પટેલ (સાબરકાંઠા મધ્યસ્થ બેન્ક, ધનસુરા બ્રાન્ચ) આકરુન્દ, તા.ધનસુરા



દેવર્ષિ એસ. ચૌધરી આકરુન્દ, તા.ધનસુરા



ભાવેશ રામાણી (ઉમિયાનગર સોસાયટી) બાયડ, જિ.અરવલ્લી



ઘનશ્યામ એસ. શર્મા (શિક્ષક : એસ. સી. દાણી હાઈસ્કુલ-કપડવંજ) કઠલાલ, તા.ખેડા



રાકેશભાઈ એન. ત્રિવેદી બાયડ, જિ.અરવલ્લી



કેતૂલ વી. પટેલ આકરુન્દ, તા.ધનસુરા

### માર્કેટયાર્ડને શેષ ફી ની આવક શરૂ

# જિલ્લાના ૧૩ મુખ્ય યાર્ડોમાં ખેતપેદાશની બમ્પર આવક

**ટેકાના ભાવે ઘઉં વેચવાનું રજીસ્ટ્રેશન કરનારા ખેડૂતો પણ યાર્ડમાં ઘઉં વેચવા આવ્યા, ટેકાના ભાવે ખરીદીનું ઠેકાણું નથી**





બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૨ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ૨૮ દિવસ પછી માર્કેટયાર્ડો ખૂલ્યાં છે. બીજા દિવસે જિલ્લાના મુખ્ય ૧૩ યાર્ડમાં ખેતપેદાશની બમ્પર આવક જોવા મળી જેના કારણે સૂમસામ ભાસતાં યાર્ડ ખેડૂતો, મજૂરો અને વેપારીઓની હાજરીથી જીવંત બન્યાં હતાં. કોરોનાના કારણે યાર્ડ બંધ રહેતાં માર્કેટયાર્ડોને શેષ ફી ની આવકમાં મોટો ફટકો પડ્યો પરંતુ યાર્ડ શરૂ થતાં શેષ ફી ની આવક શરૂ થઈ છે. સરકાર દ્વારા ટેકાના ભાવે ઘઉંની ખરીદી બંધ કર્યા પછી હજુ પણ શરૂ ન થતાં ખેડૂતો ન છૂટકે યાર્ડમાં ઘઉં વેચી રહ્યા છે. કારણ કે ખેડૂત પરિવારો ખેતી ઉપર નભતા હોય છે અને પૈસાની જરૂરીયાત હોવાથી મજબૂરીવશ ખેડૂતોને જે ભાવ મળે તે ભાવે ઘઉં વેચવાની ફરજ પડી છે.

ફરી એકવાર વેપારી આલમે પણ સ્વીકાર્યું છે કે ખેડૂતો ખેતપેદાશ ખુલ્લા બજારમાં ઠાલવે અને તેમના હાથમાં પૈસા આવ્યા પછી જ બજારોમાં ઘરાકી જોવા મળે છે. યાર્ડો બંધ હતા, ખેત પેદાશ પણ બંધ હતી ત્યારે બજારમાં પણ સંપૂર્ણ નિરસતા જોવા મળી. ક્યાંક નામાંકીત દુકાનોને થોડાઘણા ગ્રાહકો મળ્યા પરંતુ અપેક્ષા મુજબનો વકરો થતો ન હતો. કોરોનાનું સંક્રમણ બેકાબુ બન્યા પછી સરકારની સીધી સૂચના મુજબ જિલ્લાના તમામ યાર્ડો અને સબયાર્ડો બંધ કરવામાં આવ્યા. સંક્રમણ ઘટવાના બદલે વધતાં તેની મુદત લંબાવવામાં આવી. તાજેતરમાં જ ત્રાટકેલા તાઉ-તે વાવાઝોડાના કારણે અનેક ખેડૂતો પાયમાલ થયા છે. જેથી યાર્ડો ખુલતાંની સાથે જ જે ભાવ મળ્યો તે ભાવે ખેડૂતો બાજરી, મગ, તલ, ઘઉં, દિવેલા સહિતની ખેતપેદાશ વેચવા માટે આવી રહ્યા છે. શનિવારે જિલ્લાના અનેક યાર્ડોમાં બમ્પર પાક ઉપજ ઠલવાતાં વેપારીઓ હરખાયા અને શ્રમજીવીઓને લાંબા સમય પછી રોજગારી મળતાં તેમના ચહેરા ઉપર ખુશાલી જોવા મળી. જો કે અનેક વેપારીઓએ ખેડૂતોને પાક ઉપજ વેચ્યાના રોકડા પૈસા આપવાના બદલે ખેડૂતોની ગરજનો ભરપૂર ફાયદો ઉઠાવી ૧૫ દિવસ પછી માલ વેચ્યાના પૈસા લઈ જવાના વાયદા કર્યાનું પણ જાણવા મળ્યું છે.

# હિંમતનગર-મોડાસામાં ધંધા-રોજગાર ધમધમ્યા, લારી-ગલ્લા આગળ જમાવડો

**મીની લોકડાઉન પછી બંન્ને જિલ્લાના મુખ્ય મથક જીવંત બન્યા, માસ્ક પહેરવામાં ઉદાસીનતા દેખાઈ**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૨ કોરોનાનું સંક્રમણ બેકાબુ બન્યા પછી હિંમતનગર-મોડાસામાં મીની લૉકડાઉન અને રાત્રિ કરફ્યુંનો અમલ શરૂ થયો હતો પરંતુ સમગ્ર રાજ્યમાં કોરોનાનું સંક્રમણ ઘટ્યા પછી ધંધા-રોજગાર શરૂ કરવા માટે આંશિક લૉકડાઉન અમલી બન્યું છે તેના કારણે બંન્ને જિલ્લાના મુખ્ય મથક પ્રજાની અવર જવરના કારણે જીવંત બન્યા શહેરના નાના-મોટા વેપારીઓ સહિત લારી-ગલ્લાવાળાઓની રોજગારી શરૂ થતાં તેઓ પણ મલકાઈ રહ્યા છે. બંન્ને જિલ્લામાં કોરોના પછી મ્યુકર માઈકોસિસનો રોગચાળો વકર્યો છે છતાં માસ્ક પહેરવામાં પ્રજાની ઉદાસીનતા જોવા મળી હતી.

કોરોનાની બીજી થપાટમાં જિલ્લામાં દોઢસો થી વધુ લોકોના મોત નિપજ્યા છે. સરકારી આંકડામાં ભલે ભેદભરમ આવતો હોય પરંતુ જેમને કોરોનાથી પોતાના સ્વજનો ગુમાવ્યા છે તેમને ખબર છે કે કોરોનાએ કેટલો કાળો કેર વર્તાવ્યો છે. કોરોનાનું સંક્રમણ બેકાબુ બન્યા પછી હિંમતનગર અને મોડાસામાં પણ તબક્કાવાર મીની લૉકડાઉનનો અમલ શરૂ થયો હતો. હિંમતનગર શહેર પ્રારંભમાં હોટ સ્પોટ જાહેર થયું અને ત્યાં રાજ્યના અન્ય શહેરી વિસ્તારોની સાથે રાત્રિ કરફ્યુંનો અમલ શરૂ થયો. ત્યારબાદ મોડાસામાં પણ સંક્રમણ બેકાબુ બન્યા પછી રાજ્યના ગૃહ વિભાગ દ્વારા મોડાસામાં રાત્રિ કરફ્યુંના અમલ સાથે ધંધા-રોજગાર માટે આંશિક લૉકડાઉન અમલી બન્યું આ બંન્ને શહેરી વિસ્તારોમાં સવારે ૯-૦૦ થી ૩-૦૦ સુધી જ બજારો ખુલ્લા રાખવાની છૂટ આપવામાં આવી છે છતાં છેલ્લા બે દિવસથી આદેશોના ધજીયા ઉડી રહ્યા છે. પોલીસ સખ્તાઈ દાખવે તો પણ અપજશ અને ન દાખવે તો પણ અપજશ..જેવી સ્થિતિ છે. મે. મહિનાના અંતિમ સપ્તાહમાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં અનેક લગ્નોના આયોજનો થયેલા છે જેથી હિંમતનગર અને મોડાસામાં ધંધા-રોજગાર ખુલતાંની સાથે જ અનેક ખ્યાતિ પ્રાપ્ત દુકાનોમાં ખરીદી માટે હૈયેહૈયું ભીડાય તેટલી ગ્રાહકોની ભીડ જોવા મળી. વેપારીઓ સજાગતા નહીં દાખવે તો કોરોના પોતાના પરિવારની સાથે ગામડાઓ સુધી પણ પ્રસરે તેવી સંભાવના છે.

# પ્રાંતિજના વાઘપુરમાં જમીન વેચણી બાબતે ધમસાણ કુંડા-બારીના કાચ તોડ્યા, પિતા-પુત્ર સામે ફરિયાદ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૨ પ્રાંતિજના મોવડીયાવાસ, વાઘપુરમાં રહેતા અર્જુનસિંહ મખુસિંહ રાઠોડ અને દિપસિંહ કોદરસિંહ રાઠોડ વચ્ચે જમીન વેચણી બાબતે ઝઘડો થયા પછી દિપસિંહ રાઠોડ અને તેના પુત્રએ આંગણામાં મૂકેલ ફુલના કુંડા, બારીના કાચ તોડવાની સાથે બાઈકને નુક્સાન કરી જાનથી મારી નાખવાની ધમકી આપતાં મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો જ્યાં પોલીસે હુમલો કરનારા પિતા-પુત્ર સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.





પ્રાપ્ત જાણકારી અનુસાર મોવડીયાવાસ-વાઘપુરમાં રાઠોડ પરિવારો વચ્ચે જમીન વેચણી બાબતે લાંબા સમયથી તકરાર રહેતી હતી. ગત તા.૨૧ના રોજ સાંજે અર્જુનસિંહ રાઠોડ ઘરે હતા તે સમયે દિપસિંહ કોદરસિંહ રાઠોડ અને તેમનો પુત્ર જીતેન્દ્રસિંહ રાઠોડ હાથમાં દંડો તથા લોખંડનો સળીયો લઈને આવ્યા. જમીન વેચણી બાબતે તકરાર કરી દિપસિંહ રાઠોડે અર્જુનસિંહને બરડામાં દંડા માર્યા હતા અને ત્યારબાદ બાપ-બેટાએ આંગણામાં મૂકેલા ફુલના કુંડા તેમજ બારીના કાચ તોડવાની સાથે ઘર આગળ પાર્ક કરેલ બાઈકને નુક્સાન કર્યું હતું તેમજ ઘર ખાલી કરવા અને જાનથી મારી નાખવાની ધમકી આપી ભય ઉત્પન્ન કરતાં ભયભીત થયેલા અર્જુનસિંહ રાઠોડે આ અંગે પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરતાં પોલીસે બંન્ને આરોપીઓ વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# બોગસ તબીબી પ્રમાણપત્રનું ભૂત ધૂણ્યું

**રાજ્યના ૮ જિલ્લામાં રેલો : ઉત્તર ગુજરાતમાં જિલ્લાફેર બદલીમાં બોગસ બિમારીનું સર્ટી રજૂ કરનારા સામે તવાઈ : તપાસ સી.આઈ.ડી. ક્રાઈમને સોંપાઈ**

જિલ્લાની સરકારી પ્રા.શાળાઓમાં ગંભીર રોગ ન હોય છતાં પણ ભ્રષ્ટ ડૉક્ટરો અને શિક્ષણ વિભાગના અધિકારીઓને ખરીદી લઈ ગંભીર બિમારીનું તબીબી પ્રમાણપત્ર રજૂ કરી જિલ્લાફેર બદલી માંગનારા રાજ્યના ૧૭ પ્રા.શિક્ષકો સામે સી.આઈ.ડી. ક્રાઈમને તપાસના આદેશ અપાયા છે. રેલો ઉત્તર ગુજરાતના કેટલાક જિલ્લાઓ સુધી પહોંચી શકે છે. આવનારા દિવસોમાં વધુ ચોંકાવનારી વિગતો પ્રકાશમાં આવી શકે છે.

સરકારી પ્રા.શાળાઓમાં હવે જિલ્લાફેર બદલી કરાવવી હોય એટલે ૭ કોઠા વિંધવા જેવું અઘરૂ કામ છે. આ સંજોગોમાં રાજ્યના પ્રા.શિક્ષણ વિભાગ દ્વારા માનવીય અભિગમ દાખવી પ્રા.શિક્ષકને ગંભીર બિમારી જેવી કે હૃદયરોગ, કીડની, કેન્સર સહિતના રોગમાં જિલ્લાફેર બદલી કરી આપવાનો ઠરાવ કરેલો છે. જેમાં કેટલાક પ્રા.શિક્ષકોએ સાચી બિમારીના આધારે જિલ્લાફેર માટે પ્રયાસો કર્યા પરંતુ કેટલાક પ્રા.શિક્ષકોએ પોતાને કીડની, કેન્સર, હૃદયરોગ સહિતના કોઈપણ પ્રકારના ગંભીર રોગ ન હોવા છતાં સ્થાનિક જિલ્લાથી રાજ્ય કક્ષા સુધી આર્થિક વ્યવહારો કરી હળાહળ બોગસ તબીબી પ્રમાણપત્ર મેળવી લીધું અને જિલ્લાફેર બદલીમાં તેનો ઉપયોગ કર્યો. સમગ્ર કૌભાંડનો પર્દાફાશ થયો અને તપાસની માંગ ઉભી થતાં રાજ્યના ૮ જિલ્લાના ૧૭ પ્રા.શિક્ષકો સામે તપાસના આદેશ આપવામાં આવ્યા છે. આવનારા દિવસોમાં ખોટું કરવામાં સામેલ અનેકના નામ પ્રકાશમાં આવી શકે છે.

## પ્રાંતિજ તાલુકાના નનાનપુર ગામે આયુર્વેદીક ઉકાળા અને દવાનું વિતરણ કરવામાં આવ્યું

પ્રાંતિજ તા.૨૨ સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ તાલુકાના નનાનપુર ગામે આયુર્વેદીક ઉકાળા અને દવાઓનુ વિતરણ કરવામા આવ્યું.

હાલમાં ચાલી રહેલી કોરોના વાયરસની મહામારીમાં લોકોમાં રોગપ્રતિકારક શક્તિ વધે તે માટે નિયામક, આયુષની કચેરી, ગાંધીનગર તથા જિલ્લા આયુર્વેદ અધિકારી, સાબરકાંઠાના માર્ગદર્શન હેઠળ સરકારી આયુર્વેદ દવાખાનું સોનાસનના વૈદ્ય અંકિતા પરમાર દ્વારા નનાનપુર ગામ ખાતે નનાનપુર ગામના સરપંચ ગીરીશભાઇ પટેલ ના સહયોગથી સંપૂર્ણ ગામમાં ઘરે ઘરે કોરોના સામે રોગપ્રતિકારક શક્તિ વધે તે માટે ઉકાળા અને સંસમની વટીનું વિતરણ કરવામાં આવ્યું.

## પ્રાંતિજ બોખમા ન્હાવા પડેલ આધેડનુ ડુબી જવાથી મોત

પ્રાંતિજ તા.૨૨ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ બોખમાં એક આધેડ નાવા પડતા પાણીમાં ડુબી જવાથી આધેડનુ મોત નિપજયુ હતુ.

પ્રાંતિજ શ્રી માકડેશ્વર મહાદેવ મંદિર પાછળ આવેલ બોખના પાણીમાં ન્હાવા પડેલ આધેડ શંકરસિંહ રામપાલ વણઝારા કે બોખ ખાતે આવેલ પાણીમાં નાવા પડયા હતા અને પાણી ઉડુ હોવાથી તેવો ડુબવા લાગ્યા હતા અને બુમાબુમ થતા આજુબાજુમાંથી લોકો દોડી આવ્યા હતા અને દોડી આવેલમાંથી કોઇકે પ્રાંતિજ પોલીસને જાણ કરી હતી તો પ્રાંતિજના ટાઉન જમાદાર પ્રણમભાઇ, પોલીસ કોન્સ્ટેબલ દિપકસિંહ, વિક્રમસિંહ સહિતનો પોલીસ સ્ટાફ ઘટના સ્થળે દોડી આવ્યો હતો.

# કોરોના સંક્રમણ ફળ્યું : જિલ્લામાંથી ૨૯ કેદીઓને પેરોલ ઉપર મુક્તિ

દેશમાં કોરોનાનું સંક્રમણ બેકાબુ બનતાં સુપ્રિમ કોર્ટે દરેક રાજ્યોને જેલમાં કોરોનાનું સંક્રમણ વધુ ન પ્રસરે તે માટે કેદીઓને પેરોલ ઉપર મુક્તિ આપવા દીશા નિર્દેષ જારી કર્યા હતા તે મુજબ સાબરકાંઠા, અરવલ્લી જેલમાંથી કાચા, પાકા કામના કુલ-૨૯ કેદીઓને હાલ પેરોલ ઉપર મુક્ત કરાયા છે. એક રીતે કોરોનાનો સંક્રમિત કાળ જેલવાસ ભોગવતા કેટલાક કેદીઓને ફળ્યો છે અને કેટલાક સમય માટે તે પરિવાર સાથે રહી શકશે.

પ્રાપ્ત જાણકારી અનુસાર કોરોનાનું સંક્રમણ બેકાબુ બન્યું જેમાં જેલના કેદીઓ પણ સંક્રમિત થયા હતા. સાબરકાંઠા, અરવલ્લીની જેલમાં સંક્રમિત કેદીઓને યોગ્ય સારવાર આપવામાં આવી હતી પરંતુ સુપ્રિમ કોર્ટ દ્વારા જેલમાં ક્ષમતા કરતાં વધુ કેદી હોવાથી કોરોનાનું સંક્રમણ બેકાબુ બને તેવી દહેશત હતી. જેથી ૭ વર્ષથી નીચેની સજાવાળા કેદીઓને વચગાળાના જામીન ઉપર મુક્ત કરવા દરેક રાજ્યોને સૂચના આપવામાં આવી. રાજ્યના ગૃહ વિભાગે પણ દરેક જિલ્લા જેલના કેદીઓની વિગતો મેળવી હતી અને ત્યારબાદ તાજેતરમાં જ હિંમતનગર મધ્યસ્થ જેલમાંથી કાચા કામના ૮ અને પાકા કામના ૧૩ કેદી અને મોડાસા સબજેલમાંથી ૮ કેદીઓને જામીન ઉપર મુક્ત કરવામાં આવ્યા છે.

# મહામારી નિવારણ : જિલ્લામાં ૨૬મીથી ગૃહે..ગૃહે ગાયત્રી યજ્ઞ

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર શાંતિકુંજ-હરિદ્વાર દ્વારા તા.૨૬ મે. બુધપૂર્ણિમાના દિવસે સવારે ૯-૦૦ થી ૧૧-૦૦ દરમ્યાન સમગ્ર દેશ સહિત સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ગૃહે..ગૃહે ગાયત્રી યજ્ઞનું આયોજન કર્યું છે. કોરોનારૂપી વૈશ્વિક મહામારીના નિવારણ અને ૨૧મી સદી ઉજ્જવળ ભવિષ્યને સાકાર કરવા ગૃહે..ગૃહે ગાયત્રી યજ્ઞ અભિયાનનો વિશ્વભરમાં એક જ દિવસે લાખો ઘરમાં યજ્ઞ પ્રયોગ થશે તેમ ગાયત્રી ચેતના કેન્દ્ર-મોડાસા, ગાયત્રી શક્તિપીઠ-બાયડ દ્વારા જણાવવામાં આવ્યું છે.

વૈશ્વિક મહામારી બનીને ત્રાટકેલા કોરોનાએ દેશ સહિત વિશ્વને તબાહ કર્યું છે, અનેક બાંધવોના મોત નિપજ્યા છે, ધંધા-રોજગાર ધરાવતા વેપારીઓ પાયમાલ થઈ ગયા છે. ત્યારે તા.૨૬ મે.ના રોજ બુધવારે સમગ્ર વિશ્વમાં એક સાથે ગાયત્રી પરિવાર દ્વારા ગૃહે..ગૃહે ગાયત્રી યજ્ઞનું આહવાન કરવામાં આવ્યું છે. ગાયત્રી પરિજનોના જણાવ્યા અનુસાર હાલની સ્વાસ્થ્યની વિકટ પરિસ્થિતિમાં આપણી ભારતીય પરંપરા પ્રમાણે અગ્નિ પ્રગટાવી તેમાં ભાવ-સંવેદનાથી મંત્રોચ્ચાર સાથે ઔષધિય જડીબુટ્ટીઓ દ્વારા આહૂતિ આપવામાં આવે તો તેની આધ્યાત્મિક તેમજ વૈજ્ઞાનિક અસર પણ જોવા મળે છે અને જ્યાં યજ્ઞ થયા હોય ત્યાં રોગના જીવાણુંઓ નાશ પામે છે.

### પાલનપુરથી મહેસાણા જઈ રહેલી

# મીની બસમાં વડગામના છાપી હાઈવે પર અચાનક આગ લાગતાં નાસભાગ

**ડ્રાઈવર દ્વારા ફાઇયર વિભાગને જાણ કરતા આખી બસ સળગી રહી ત્યારબાદ ફાયરની ગાડીએ દેખા દિધા**


વડગામના છાપી હાઈવે પર અમદાવાદ પાલનપુર નેશનલ હાઈવે પર વહેલી સવારે પાલનપુર થી મહેસાણા જતી ઘટનાસ્થળે ભેગા થઈ ગયા હતા બસ ડ્રાઈવર દ્વારા તાત્કાલિક નજીકના પોલીસ સ્ટેશન તેમજ ફાયર વિભાગ ને જાણ કરાઈ



મીની બસમાં અચાનક આગ લાગી હતી જેથી બસ ના ડ્રાઈવર દ્વારા સમયસૂચકતા દાખવી બસને છાપી છાપી હાઈવે પર આવેલી પટેલ હોટલ ની સામે આવેલી ખુલ્લી જગ્યા પર ઊભી કરી દેતા બસમાં રહેલા દસ જેટલા પેસેન્જર નો આબાદ બચાવ થઈ ગયો હતો ત્યારબાદ આગ વિકરાળ સ્વરૂપ લેતા આજુબાજુના લોકોના ટોળે ટોળા હતી પરંતુ આખી બસ બળીને ખાખ થઈ ગયા બાદ ફાયર સેફટી ની ગાડી એ દેખા દિધા હતા અને આગ પર કાબુ મેળવ્યો હતો એસ.ટી નીગમ ના અધિકારીઓને પણ જાણ કરાઈ હતી છંતા પણ મોડે મોડે અધિકારી દોડી આવ્યા હતા. પ્રાથમિક માહિતી મુજબ શોટસર્કિટ થી આગ લાગી હોવાનુ બહાર આવ્યું હતું.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

## દુઃખદ અવસાન



બાયડ : બાયડ તાલુકાના બોરલ ગામના મહેન્દ્રભાઈ બ્રહ્મભટ્ટ, નરેશભાઈ બ્રહ્મભટ્ટ અને રાજનભાઈ બ્રહ્મભટ્ટના બહેન ગીતાબેન જીતેન્દ્રકુમાર બ્રહ્મભટ્ટ (લુણાવાડા)નું દુઃખદ નિધન થયેલ છે.

●●●



વડાગામ : તલોદ તાલુકાના મહીયલ ગામના અશોકકુમાર ધનજીભાઈ મોઢપટેલના પત્નિ અને હિતેષભાઈ, પ્રતિકભાઈના માતા વિણાબેન અશોકભાઈ પટેલનું દુઃખદ નિધન થયેલ છે. કોરોનાની વર્તમાન પરિસ્થિતિના કારણે ટેલિફોનિક બેસણું તા.૨૪ મે., સોમવારના રોજ સવારે ૯ થી ૧ રાખેલ છે.